**ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ**
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/ક્વા-૦૧/૨૦૨૪-૨૫ / No 124 તા. 18 JUN 2024.

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
ધાનાભાઈ દેવાભાઈ વારોતરીયા
રહે, ધતુરીયા,
તા. કલ્યાણપુર,
જી. :દેવભુમિ દ્વારકા, પીનકોડ : ૩૬૧૩૦૬ મોબાઈલ : ૯૦૯૯૩૭૬૦૮૯

વિષય : ખેતીવાડીના હેતુસરનું એ.જી. કનેક્શન રદ/ડીસમીસ કરવા અંગે.

સંદર્ભ : ધાનાભાઈ દેવાભાઈ વારોતરીયા ની રજુઆત મળ્યા તારીખ: 30.03.૨૦૨૩

(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૧/ક્વા-૦૧/૨૦૨૪-૨૫)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, દ્વારકા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/ક્વા-૦૧/૨૦૨૪-૨૫/ No 124 તા. 18 JUN 2024

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૧/ક્વા-૦૧/૨૦૨૪-૨૫**

અરજદાર: શ્રી ધાનાભાઈ દેવાભાઈ વારોતરીયા, ગામ – ધતુરીયા

સબડીવીઝન: કલ્યાણપુર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, દ્વારકા,

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી વી.જી.મારકણા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

તારીખ: ૨૧-૦૫-૨૦૨૪ (મંગળવાર)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદારની ઘણી જ માન તથા નમ્રતા પૂર્વક અરજ કે : અમો અરજદાર ગુજરાત રાજયના દેવભુમી દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ધતુરીયા ગામે રહીએ છીએ. અને અમારી ફરીયાદ અરજી ટુંક હકિકત નીચે મુજબ છે.

(૧) અમો અરજદારની સ્વતંત્ર કબજા ભોગવટા અને કુલ માલીકીની ખેતીની જમીન કે જે કલ્યાણપુર તાલુકાના ધતુરીયા ગામે જુના રે.સ.નં.૧૩૨ પૈકી ૩ વાળી મારા વડીલોપાર્જીત ખેતીની જમીન આવેલ છે. સદરહું ખેતીની જમીનમાં પી.જી.વી. સી.એલ.નું ખેતીવાડીના હેતુસરનું અમો અરજદારના નામનું એ.જી.કનેકશન આવેલ છે. જેના ગ્રાહક નંબર : ૮૫૭૪૪/૦૦૮૪૧/૧ છે. સદરહું

ખેતીની જમીન માં આવેલ ખેતીવાડીના હેતુસરનું તદન બિન ઉપયોગી છે આ વિજ કનેકશનનો અમો કોઈપણ જાતનો ઉપયોગ કે વપરાશ કરતા નથી. અને અમારે આ વિજ મીટર કે કનેકશનની કોઈપણ જાતની જરૂરીયાત નથી.

(૨) અમોએ આ કામના સામાવાળાની કચેરીમાં તા.૨૯/૦૧/૨૦૨૪ થી અમો અરજદારના નામે આવેલ ખેતી વાડીના હેતુસરનું વિજ કનેકશન રદ કરવા અરજી કરેલ પરંતુ આજદીન સુધી આ કામના સામાવાળા દ્વારા અમારૂં એ.જી.કનેકશન રદ કરવામાં આવેલ નથી કે અમારી અરજી અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને અમોને સતત વિજ બીલ આપવામાં આવી રહેલ છે અને અમો ને ખોટી રીતે વિજ બીલ ભરપાઈ કરવા પ્રેશર કરવામાં આવી રહેલ છે. અને અમોએ આ કામના સામાવાળા દ્વારા વિજ બીલ ભરવા જણાવવામાં આવેલ છે અને તેમ છતાંયે અમો વિજ બીલ ભરપાઈ કરી રહેલ છીએ.

(૩) અમોએ એ.જી.કનેકશન રદ/ડીસમીસ કરવા તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ અરજી કરેલ હોવા છતાં આ કામના સામાવાળા અમો અરજદાર સામે ગેર કાયદેસર રીતે અંગત ખારખેદ રાખી અમારું વિજ કનેકશન રદ કરેલ નથી. કે અમારૂ એ. જી. કનકેશનનું વિજ મીટર રદ કરી આપતા નથી તે અમોને સમજાતું નથી કે પી.જી.વી. સી.એલ. દ્વરા અમોને અમારા કોઈપણ જાતના વાંક કે ગુના વગર આશરે છેલ્લા છ માસથી યેનકેન પ્રકારે હેરાન કરી અને ખોટા વિશ્વાસ અને ખાતરી આપી ખોટા કારણો/બાના બતાવી અમારૂં એ.જી.કનેકશન ને રદ/ડીસમીસ કરી આપતા નથી. અને અમોને માનસીક રીતે દુઃખ,ત્રાસ પહોંચાડેલ છે.તેમજ એ.જી.કનેકશન કાયમીને માટે રદ/ડીસમીસ કરેલ ના હોવાથી અમોને સતત વિજ બીલ ફટકારી આપવામાં આવેલ છે. જેથી અમોને આર્થિક નુકશાન પણ ગયેલ છે.

(૪) અમો ગામડાના ખેડુત અને અભણ તથા કાયદાથી અજ્ઞાન હોય અમોએ અગાઉ તા. ૨૯/૦૧/૨૦૨૪ વાળી અરજી કરી એ.જી.કનેકશન કાયમીને માટે રદ/ડીસમીશ કરવા માટે અરજી કરેલ હોવા છતાં અમારૂં એ.જી.કનેકશન રદ કરવામાં આવેલ નથી.

(૫) વાસ્તે આ ફરીયાદ અરજી લાવી દાદ માંગવાની કે,

(અ) પી.જી.વી.સી.એલ.કચેરી-કલ્યાણપુર અમો અરજદાર ધાના દેવા વારોતરીયાના નામનું ધતુરીયા ગામે આવેલ ખેતીવાડીના હેતુસરનું એ.જી. કનેકશન કે જેના ગ્રાહક નંબર : ૮૫૭૪૪/૦૦૮૪૧/૧ છે તે કાયમીને માટે રદ/ડીસમીશ કરી આપેલ અને સ્થળ ઉપરથી અમારૂં વિજ મીટર ઉતારી લે તેમજ અમોને વિજ બીલ મોકલે નહીં.

(બ) અમોને હેરાન કરવા બદલ તથા સમયમર્યાદામાં એ.જી.કનેકશન રદ/ડીસમીસ કરેલ ના હોય જેથી થયેલ માનસીક, આર્થીક નુકશાન બદલ અમોને મળવાપાત્ર વળતર પી.જી.વી.સી.એલ.કચેરી-ભાટીયા ભરપાઈ કરી આપે.

(ક) તેમજ ન્યાયનું વિશાળ હિત જળવાઈ રહે તે માટે મળવાપાત્ર તમામ દાદ આપવી.

(૬) આ ફરીયાદ અરજી સાથે જરૂરી આધારપુરાવાઓ, ડોક્યુમેન્ટસ લીસ્ટ રજુ, ( સરનામા યાદી છે. જરૂરીયાત ઉપસ્થિત થયે વધારે પુરાવા રજુ કરવાનો હકક અબાદીત રાખીએ છીએ.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી ધાનાભાઈ દેવાભાઈ વારોતરીયા રે. ધતુરીયા પેટા વિભાગીય કચેરી કલ્યાણપુર હેઠળ ગ્રાહક નંબર ૮૫૭૪૪/૦૦૮૪૧/૧ સર્વે નં. ૧૩૨ પૈકી ૩ ની ફરિયાદ મુજબ કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા તા. ૧૪-૦૫-૨૪ ના રોજ મીટર તથા ટ્રાન્સફોર્મર તથા ૧૧ કેવી લાઈન ઉતારી સદર ખેતીવાડી વીજ જોડાણ કાયમી ધોરણે રદ કરેલ છે અને ગ્રાહક તકરાર નિવારણ ફોરમ માં કરેલ ફરિયાદ બાબતે સદર ગ્રાહક દ્વારા સમાધાન પુરસિસ માં સહી કરી આપેલ છે.

૨.૧ આ સાથે કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી અને વિભાગીય કચેરી દ્વારકા દ્વારા તા. ૧૪.૦૫.૨૦૨૪ અરજદાર શ્રી ની સહી વાળું સમાધાન પત્રક રજૂ કરવામાં આવેલ છે. સદર બાબતે કોઈ ફરિયાદ નથી અને સમાધાન પુરસિસ તારીખ ૧૪.૦૫.૨૦૨૪ ની રજુ છે. જેથી ગ્રાહક ને તેની ફરિયાદ નો સંતોષકારક રીતે સમાધાન થતાં તા. ૧૪.૦૫.૨૦૨૪ ના રોજ સમાધાન પત્રક માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ દ્વારકા વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૧૪.૦૫.૨૦૨૪ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી વી.જી.મારકણા | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |